**આંક–૧ તળે હુકમ :**

---

**૧.** આ કામે હાલની ફરીયાદ વર્ષ–૨૦૧૪ ની છે. કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામે કેસનું રેકર્ડ જોતાં ફરીયાદી ધ્વારા આરોપીનું સરનામું રજુ કરવા તથા આરોપીને કોર્ટ કાર્યવાહીમાં હાજર રખાવા ફરીયાદી ધ્વારા જે પ્રયત્ન થવો જોઈએ તેવો કોઈ પ્રયત્ન આ કામે કેસનું રેકર્ડ જોતાં ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત કે પ્રયત્ન જણાય આવતા નથી.

**૨.** આ કામે કેસનું રેકર્ડ જોતાં તથા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ જોતાં ફરીયાદી ધ્વારા કેસ દાખલ કર્યાને વર્ષો નીકળી જવા છતાં ઉપર જણાવ્યા મુજબ ફરીયાદી ધ્વારા આરોપીને હાજર રખાવા અસરકારક પગલા ભરેલ ન હોવાનું રેકર્ડ પરથી જણાય આવે છે.

**3.** આ કામે ઉપરોકત રેકર્ડની હકીકત ધ્યાને લેતાં આ અદાલત ધ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **S.RAMAKRISHNA V/s. RAMIREDDY, AIR 2008 SC 2066** ના ચુકાદામાં પ્રસિધ્ધ કરેલ સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદી ધ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેની કાર્યવાહી કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીએ આરોપીને હાજર રખાવા અસરકારક પગલા લેવા જોઈએ તેમજ ફરીયાદ લાંબા સમય સુધી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ રાખી શકાય નહીં.

**૪.** આ કામે ઉપરોકત રેકર્ડની હકીકત ધ્યાને લેતાં આ અદાલત ધ્વારા નામદાર ગુજરાત રાજયની વડી અદાલતની **BHAVANI TEXTILES MILS V/s. State Of Gujarat, Criminal Appeal No.2405/2009, Dt.18.01.**

**<u>2010</u>** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં એવા સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, લાંબા સમયથી ફરીયાદી કોર્ટ કાર્યવાહીમાં હાજર રહેતાં ન હોય કે, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે નિયમ મુજબ કાર્યવાહી ચલાવવા ફરીયાદપક્ષ અસરકારક પગલા લેતા ન હોય ત્યારે ફરીયાદ રદ થવાને પાત્ર છે.

**પ.** આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખવા અસમર્થ હોવાનું રેકર્ડ પરથી જણાય આવે છે તેમજ આ કામે આરોપી તરફે તા.૨૨.૧૦.૨૦૨૧ ના રોજ સી. આર. પી. સી. અન્વયે અરજી આપવામાં આવેલ જે સાંભળવામાં આવેલ, રેકર્ડ જોતાં ત્યારપછી ફરીયાદી હાજર હોય તેવું જણાય આવતું નથી તેમજ ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલત તથા ગુજરાત રાજયની વડી અદાલતનો ચુકાદો ધ્યાને લેતાં જયારે ફરીયાદી આરોપીની હાલના કેસમાં હાજરી બાબતે અસરકારક પગલા લેતા ન હોય ત્યારે તેમજ લાંબા સમયથી કેસની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદપક્ષ ધ્વારા નિયમ મુજબ જે કાર્યવાહી કરવા પાત્ર થતી હોય તે કરવામાં ન આવેલ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ જોતાં જણાય આવતું હોય તેમજ ''કાયદો જાગતા માણસને મદદ કરે'' તે સિધ્ધાંત ધ્યાને લેતાં તથા હાલના કેસમાં ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૬ ની જોગવાઈ ધ્યાને લેતાં, ફરીયાદી સતત ગેરહાજર રહેતાં હોય અને જે બાબતે તેમણે આ અદાલત ધ્વારા હાજર રહેવાની નોટીસ પણ ઈશ્યુ કરવામાં આવેલ હોય તેમ છતાં ફરીયાદી ગેરહાજર રહેતાં હોય ફરીયાદીને નોટીસ કરવા છતાં પણ ફરીયાદી ગેરહાજર રહેતાં હોય જેથી સ્પષ્ટ પણે એ હકીકત રેકર્ડ પરથી જણાય આવે છે કે, **<u>ફરીયાદીને આ કેસ ચલાવવાનો જરા પણ રસ ન હોય અને ફરીયાદી સતત ગેરહાજર રહેતાં હોય</u>** ફોજદારી કાર્યરીતી સંહીતા ની કલમ–૨૫૬ અન્વયે આ કેસ ન્યાયના વિશાળ હિતમાં રદ કરવાને પાત્ર હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને અપુરતાં રસના કારણે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને નિંદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ : ૦૮.૦૭.૨૦૨૨
સ્થળ : અમદાવાદ

(પ્રજ્ઞેશ સુધિરચંદ્ર સુચક)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈ.એકટ કોર્ટ નં. ૩૧, અમદાવાદ.
(જીજે–૦૧૧૧૮)